ધાનેરામાં રાશનની દુકાન પર લોકોની ભીડ જામી

આજે સરકાર દ્વારા લોકોને મફતમાં અનાજ આપવામાં આવી રહ્યું છે ત્યારે ધાનેરામાં મોટાભાગની દુકાનો પર લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે અને વહેલી સવારથી જ લોકો રાસન લેવા માટે લાઈનમાં લાગ્યા હતા ધાનેરાની રાસન ની દુકાન પર અવ્યવસ્થા ન જ સર્જાય તેને લઈ પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો તો કેટલીક કેટલીક દુકાનો પર સ્વેચ્છાએ લોકો એકબીજાથી અંતર રાખી દૂર ઉભા હતા અને દુકાનદારો દ્વારા ગોળ રાઉન્ડ ની વ્યવસ્થા કરવામાં આવી હતી લોકો રાસન લેવા માટે શાંતિપૂર્ણ માહોલમાં લાઈનમાં ઊભા છે વહેલી સવારથી ત્યારે તો બીજી તરફ કેટલાક લોકોમાં નારાજગી નો માહોલ પણ જોવા મળી રહ્યો છે જે અત્યારે માત્ર બીપીએલ અને અંત્યોદય કાર્ડ વાળા લોકોને આપવામાં આવી રહી છે પરંતુ એપીએલ કાર્ડધારકોને રાસની ન મળતા એપીએલ કાર્ડધારકો માં ક્યાંક ને ક્યાંક નારાજગીનો માહોલ પણ જોવા મળ્યો હતો.

ડીસામાં ગરીબોની રેશનિંગ મામલે રજુઆત : લોકડાઉનના ધજાગરા

કોરોનાના કારણે સમગ્ર ગુજરાતમાં ૨૧ દિવસનું લોકડાઉન છે. લોકડાઉનના પગલે બુધવારથી સસ્તા અનાજની દુકાનોમાં સરકાર દ્વારા નિયત કરેલ રેશનિંગ જથ્થો વિના મૂલ્યે આપવાની શરૂઆત થઈ હતી પરંતુ સસ્તા અનાજની દુકાનો ઉપર લાઈનો અને ધક્કામુકી સર્જાઈ હતી જેના લીધે લોકડાઉનના પણ ધજાગરા ઉડવા પામ્યા હતા એટલું જ નહિ, અનેક જગ્યાએ તો હંગામો મચી જતા કોરોના અટકાવવા કારગર ઉપાય સેલ્ફ ડિસ્ટનીગના પણ લિરેલિરા ઉડી જવા પામ્યા હતા. કોરોનાની મહામારીમાં ડીસામાં ઘણા કાર્ડ ધારકોને જથ્થો ન આપતા કાર્ડ ધારકો મોટી સંખ્યામાં મામલતદાર કચેરી ખાતે ટોળા રૂપે ઉમટી પડી ભારે હંગામો મચાવ્યો હતો. હાલની તારીખના એન.એફ.એસ.સી. કાર્ડને નોન એન.એફ.એસ.સી. કરાવ્યા બાદ પણ કાર્ડ ધારકોને દુકાનદારોએ તમને અનાજ નહિ મળે તેમ કહેતા અકળાઈ ઉઠેલી મહિલાઓ ટોળારૂપે કચેરી ખાતે દોડી આવી હતી જ્યાં લોક ડાઉનનો ભંગ કરી મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. જોકે સરકાર દ્વારા રોજના ૨૫ લોકોને બોલાવી ફ્રી માં અનાજ વિતરણ કરવાની સૂચના છે પણ રેશનિંગ દુકાનના પરવાનેદારો તમામ નિયમોનો ભંગ કરી ફ્રી અનાજ સાથે જીવલેણ વાયરસ આપતા હોય એમ લાગી રહ્યું હતું.

ખેડબ્રહ્મા સસ્તા અનાજની દુકાન પર સોશિયલ ડિસ્ટન્ટનો અભાવ દેખાયો

ખેડબ્રહ્મા, તા. ૧

સમગ્ર ગુજરાતમાં ૧ એપ્રિલથી ત્રણ દિવસ માટે રેશનકાર્ડ ધારકોને એપ્રિલ માસનો પૂરવઠો પૂરો પાડવામાં આવનાર હોય ખેડબ્રહ્માની સસ્તા અનાજની દુકાનો પાર લોકો લાઈન લગાવી હતી. ખેડબ્રહ્મના અમુક આવેલ ની સસ્તા અનાજની દુકાન પર કોઈ જ વ્યવસ્થા જાળવાતી ન હતી દુકાનદારે થોડા અંતરે બનાવવાના કુંડાળા તડકામાં રાખ્યા હોઈ લોકો પણ એક જગ્યાએ છયાડામાં ભેગા થઈ ગયા હતા આ ઉપરાંત દુકાનની અંદર પણ તેમને વ્યવસ્થા ન. જાળવી લોકોનો જમાવડો કરી સોશ્યલ ડિસ્ટન્ટ જલાવવામા નિષ્ફળ નીવડ્યા હતા. અને લોકો પણ માસ્ક પહેર્યા વગર જ દુકાનમાં ઘુસી ગયા હતા.

જ્યારે ખેડબ્રહ્માની કોર્ટ પાસે આવેલ દિલીપભાઈ વી રાવલે પોતાની આગવી સુજ પ્રમાણે આવનાર દરેક ગ્રાહકને નંબર મુજબ કુપન આપી દીધી હતી જે. કૂપન લઈ લોકો શાંતિ થી સોશ્યલ ડિસ્ટન્ટ જાળવી રાખી બેઠા હતા. આ સસ્તા અનાજનો પુરાવઠો કોને મળશે તે અંગે લોકોમાં અવઢવ હોઈ એપીએલ ગ્રહકો પણ પુરવઠો લેવા જતા હતા.

ડીસાના રિજમેન્ટ વિસ્તારમાં રાશન ન મળતા રહીશોનો હંગામો

ડીસાના રિજમેન્ટ વિસ્તારમાં પંડિત દીનદયાળ ભંડારની સસ્તા અનાજની દુકાન આવેલી છે જ્યાં બુધવારે સરકારના આદેશ મુજબ વિનામૂલ્યે ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે રાશન વિતરણ કરવામાં આવનાર હોઈ વહેલી સવારથી જ મોટી સંખ્યામાં લોકો લાઈનો લગાવી ઉભા થઈ ગયા હતા. જોકે દુકાનદાર દ્વારા ગરીબોના ભાગનું રાશન રીક્ષાઓ મારફત અન્યત્ર મોકલી દેવામાં આવતા. ઉપસ્થિત લોકો ભડકી ઉઠ્યા હતા અને ભારે રોષ સાથે સવારથી જ લાઈનમાં ઉભેલી મહિલાઓ અકળાઈ ઉઠી હતી. મહિલાઓ દ્વારા આ ગરીબોના રાશનનું બારોબાર કાળાબજાર થતું હોવાનો આક્ષેપ કરી પોતાની વ્યથા ઠાલવી હતી મોટી માત્રામાં આવેલી મહિલાઓએ ભારે હંગામો કરતા પોલીસ પણ દોડી આવી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. જો કે હંગામાને લઈ તંત્ર સાથે સરકારની કામગીરી સામે સવાલો ઉઠવા પામ્યા હતા.

સાબરકાંઠા જિલ્લાના કાર્ડધારકોને વિનામૂલ્યે રાશનનું વિતરણ શરૂ

૫૧૮ રાશનની દુકાનો પરથી ૧,૯૩,૮૮૧ કાર્ડ ધારકોને રાશનનું વિતરણ શરૂ : વાજબી ભાવની દુકાન ખાતે સોશિયલ ડીસ્ટન્સ જળવાઇ રહે તે માટે ખાસ વ્યવસ્થા

હિંમતનગર

કોરોના વાયરસના પગલે સમગ્ર દેશમાં લોકડાઉનની પરિસ્થિતિને કારણે સામાન્ય પરીવારોને જીવન જરૂરીયાતની

ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા અસરકારક પગલા લેવામાં આવી રહ્યા છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રેશન કાર્ડ ધારકોને નિયત જથ્થો પૂરો પાડવાનો સુતત્ય નિર્ણય લેવામાં આવ્યો છે.

જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની ૫૧૮ વ્યાજબી ભાવની દુકાન પરથી ૧,૯૩,૮૮૧ રેશનકાર્ડ ધારકોને એપ્રિલ-૨૦૨૦ માસમાં ઘઉં, ચોખા, દાળ, ખાંડ, આયોડાઈઝ મીઠું જેવી આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો "વિનામુલ્યે" વિતરણ કરવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરી છે

સાબરકાંઠા કલેકટર શ્રી સી. જે. પટેલે જણાવતા કહ્યુ હતુ કે, જાહેર વિતરણ વ્યવસ્થા અન્વયે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અંતર્ગત પાત્રતા ધરાવતા ૬૧,૦૮૦ કુટુંબો, અંત્યોદય તેમજ બી.પી. એલના ૧,૩૨,૮૦૧ કાર્ડધારકોને ૮ કિલો રાશન આપવામાં આવશે. જયારે રાશનકાર્ડ ન ધરાવતા શ્રમિકોને અન્નમબ્રહ્મ યોજના અંતર્ગત તા. ૪ એપ્રિલથી રાશન આપવામાં આવશે.જેમાં ૩.૫ કિલો ઘઉં, ૧.૫ કિલો ચોખા, ૧ કિલો ખાંડ, ૧ કિલો મીઠું અને ૧ કિલો દાળ આપવામાં આવશે.

આ કામગીરી સવારના આઠ વાગ્યાથી સાંજના આઠ વાગ્યા સુધી ૧૦૦ ટકા પૂર્ણ કરવા તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે. વાજબી ભાવની દુકાન ખાતે ભીડ ન થાય અને સોશિયલ ડીસ્ટન્સ જળવાઈ રહે, શાંતિથી સુચારુરૂપે વિતરણ અંતર્ગત કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તાલુકા, ગ્રામ્ય અને શહેરના પુરવઠા તંત્રને સ્થાનિક ગ્રામ રક્ષક દળ, હોમ ગાર્ડ તથા પોલીસ તંત્રની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યુ હતું.

ધનસુરા તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાં મફત અનાજનું વિતરણ

ધનસુરા તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાં રેશનિંગનું વિનામૂલ્યે વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. કોરોનાને લઈને સરકાર દ્વારા મફત અનાજનું વિતરણ શરુ કરવામાં આવ્યું હતું. કોરોના વાયરસની મહામારીના રાજ્ય સરકાર દ્વારા આ વિતરણ થકી ગરીબ લોકોને લાભ થાય એ હેતુથી આ વિતરણ શરુ કરવામાં આવ્યું હતું. ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે પણ વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. ધનસુરા અને આકરૂન્દમાં આવેલ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાન દાર દ્વારા ગ્રાહકો વચ્ચે સુરક્ષિત અંતર રાખવામાં આવ્યું હતું. લાઈનમાં ઉભેલા ગ્રાહકો વચ્ચે અંતર રાખી અનાજનું વિતરણ કરાયું હતું. આકરૂન્દ ગામના સરપંચ લલીતાબેન પટેલ અને ગ્રામ પંચાયતના સદસ્ય રાકેશભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ, ઘનશ્યામભાઈ પટેલ, ઈશ્વરભાઈ પ્રજાપતિ સૌએ સહકાર આપ્યો હતો. તમામ આગેવાનોએ ઉપસ્થિત રહી ગ્રાહકો વચ્ચે સુરક્ષિત અંતર રહે એની તકેદારી રાખી અને વિતરણ કર્યું હતું.

નિયમોનું પાલન ન કરનાર દુકાનદારોના ૨૨ જેટલા પાસ નગરપાલિકાએ જપ્ત કર્યા

જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓની દુકાનો ચાલુ રાખવા માટે તંત્ર દ્વારા પાસ આપવામાં આવ્યા છે પરંતુ કેટલાક દુકાનદારોએ પોતાની દુકાન આગળ લોકોના ટોળેટોળા કરી રહ્યા હતા અને નિયમોનું પાલન ન થતાં આજે નગરપાલિકા તંત્ર દ્વારા આવા દુકાનદારો સામે લાલ આંખ કરી છે.

આજે વહેલી સવારથી જ નગરપાલિકાની ટીમ દ્વારા આવા દુકાનદારો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને જે પણ દુકાન આગળ લોકોને ઊભા રહેવા માટેની વ્યવસ્થા ન હોય તેમ જ દુકાન આગળ લોકોના ટોળા હોય તેવા દુકાનદારોના પાસજપ્ત કર્યા છે અને પાસ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો કેટલાક દુકાનદારોના પાસ જપ્ત કરતા અન્ય દુકાનદારોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

ધાનેરાના જીવાણા ગામ ૧૦૦ જેટલા લોકોને ગામના સરપંચ તેમજ તંત્ર દ્વારા જમવાની વ્યવસ્થા કરાઈ

અત્યારે સમગ્ર દેશ લોકડાઉન છે ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગની લોકોની મુશ્કેલી વધી ગઈ છે જો વાત કરવામાં આવે અને તાલુકાના જીવાણા ગામની તો જીવાણા ગામ ના ગૌચર માં ૧૨થી વધુ પરિવારો બેઠા છે અને તેમાં ૧૦૦ જેટલા લોકોની સંખ્યા છે પરંતુ આ પરિવાર પાસે જમવાની કોઈ જ વ્યવસ્થા ન હોતા પરિવારની હાલત કફોડી બની છે ત્યારે સમગ્ર ઘટનાને લઈને આ જગ્યા પર ગામના સરપંચે મુલાકાત લીધી હતી અને ગામના સરપંચ દ્વારા તમામ લોકોને એક ટાઈમ જમવાની વ્યવસ્થા કરી આપી હતી અને તે બાદ સરપંચ દ્વારા તંત્રને રજૂઆત કરતાં સ્થાનિક તંત્ર ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને સમગ્ર જગ્યાનું નિરીક્ષણ કરી તમામ પરિવારો માટે રાશન કીટ વ્યવસ્થા કરી આપી હતી તો તંત્ર દ્વારા આશ્વાસન આપતા તમામ પરિવારો પર એક ખુશીનો માહોલ જોવા મળ્યો હતો તો બીજી તરફ તંત્રની કામગીરી ને લઈ ગામના સરપંચે પણ તંત્રનો આભાર માન્યો હતો.

ડીસામાં બે સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ

ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એસ.સી. ડબ્લ્યુ. હાઈસ્કૂલ સર્કલ પાસે બે ઈસમો ભરતભાઈ રૂપસીભાઈ ઠક્કર (ઉ.વ.૩૫ રહે ડીસા સીન્ધી કોલોની તા.ડીસા) તથા અરવિંદભાઈ ચેલાભાઈ રાઠોડ (ઉ.વ.૩૦ રહે જુનાડીસા (ખરવાડ) તા.ડીસા) જાહેર રોડ ઉપર ફરી લોકડાઉનનો ભંગ કરતા હતા. જેઓની પુછપરછ કરતા જાહેરમાં નિકળવા બાબતે કોઈ સંતોષકારક જવાબ ન આપતા જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો તેમજ સરકારશ્રીના લોકડાઉન હુકમનો ભંગ કરેલ હોય જેઓના વિરૂધ્ધમાં ઇ.પી.કો કલમ ૨૬૯,૧૮૮,૧૧૪ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે આ બાબતે દક્ષિણ પોલીસ મથકના પી. આઈ. બી .વી પટેલ દ્વારા જણાવાયું છે કે કોઈ વ્યક્તિ જરૂરી કામ સીવાય જાહેર રોડ ઉપર વાહનો લઈ બીન જરૂરી ફરતા ઈસમોના વાહનો પણ એમ.વી.એક્ટ કલમ ૨૦૭ મુજબ ડીટેઈન કરવામાં આવશે.

ડીસા તાલુકાના સમૌ ગામે યુવતીની છેડતી મુદ્દે બાબતે મારામારી

ડીસા તાલુકાના નાના સમૌ ગામે એક જ કોમના લોકો દ્વારા યુવતીની છેડતી મુદ્દે થયેલ મારામારી બાબતે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર ડીસા તાલુકાના નાના સમૌ ગામે રહેતા શંભુજી ગજુજી ઠાકોર ગત તરીખ ૩૦/૩/૨૦ ના રોજ પોતાના ઘરે હતા તે દરમિયાન ગામના જ નારણજી મફાજી ઠાકોર , શવસિંહ મફાજી ઠાકોર, વેરસિંહજી લેબુજી ઠાકોર અને અલ્પેશજી ઉમાજી ઠાકોર ત્યાં આવેલા અને તેમને કહેવા લાગેલ કે તમે મારા ભત્રીજા કલ્પેશનું નામ છોકરીની મશ્કરીમાં કેમ આપો છો ? જોકે શંભુજીએ કહેલું કે મેં નામ આપ્યું નથી તેમ છતાં આ ચારેય ઉશ્કેરાઈ જઈને ગાળો બોલી હાથમાં ધોકા અને કુહાડી વડે હુમલો કરી શંભુજીને ઈજાઓ પહોંચાડતા તેમને સારવાર અર્થે ડીસા સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા બાદમાં આ બાબતે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગર નાગરિક સહકારી બેંક દ્વારા કોરોના સામે લડવા ૧.૫૧ લાખ સીએમ ફંડમાં અને ૨ લાખ પીએમ ફંડમાં દાન આપવામાં આવ્યુ છે. બેંકના ચેરમેન નલીનભાઈ પટેલ, એમડી દર્શનભાઈ પરમાર, નલીનભાઈ રેનન તથા અન્ય ડીરેક્ટરોની ઉપસ્થિતિમાં રાહત ફંડના ચેક અર્પણ કરાયા હતા.

પાલનપુર સબ જેલના ૩૧ કેદીઓને બે માસ માટે ઘરે મોકલાયા

પાલનપુર સબ જેલમાં રહેલા કેદીઓમાં કોરોના સંક્રમણની સંભાવનાઓ નિવારવા સુપ્રીમ કોર્ટના દિશા નિર્દેશ મુજબ કાચા અને પાકા કામના ૩૧ કેદીઓને મંગળવારે બે માસ માટે ઘરે મોકલવામાં આવ્યા હતા. જેલમાંથી મુક્ત કરતા પહેલા તેમના સ્વાસ્થ્યની સંપૂર્ણ ચકાસણી કરાઈ હતી. તેમજ નાસ્તાની કીટ અને વાહનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. પાલનપુર સબમાં રહેલા કાચા અને પાકા કામના ૩૧ કેદીઓને મંગળવારે બે માસ માટે ઘરે મોકલવામાં આવ્યા હતા. આ અંગે જેલર વી.પી. ગોહિલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી એ મહત્વ પૂર્ણ નિર્ણય કર્યો હતો. જે અંતર્ગત પાલનપુર સબ જેલમાં રહેલા કેદીઓમાં કોરોના સંક્રમણની સંભાવનાઓ નિવારવા સુપ્રીમ કોર્ટના દિશા નિર્દેશ મુજબ કાચા અને પાકા કામના ૩૧ કેદીઓને મંગળવારે બે માસ માટે ઘરે મોકલવામાં આવ્યા હતા. જેલમાંથી મુક્ત કરતા પહેલા તેમના સ્વાસ્થ્યની સંપૂર્ણ ચકાસણી કરાઈ હતી. નાસ્તાની કીટ, વાહનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.